| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | ૧૨/૧૧/૨૦૨૨ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

**મે. રાજકોટના સ્પે. સીટીંગ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની ટ્રાફીક કોર્ટમાં,**
**ક્રીમી. કેસ નં–૧૧૫૯૦/૨૦૨૧**

**આંક –**

**ફરીયાદી** – **નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** –ફારુકભાઈ મહમદભાઈ મહુલ
રહે.ઢેબર કોલોની કવા.નં. ૧૧૭, નારાયણનગર ઝુપડપટ્ટીની બાજુમાં રાજકોટ.

**ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની ક.૬૬.૧.બી મુજબ...**

**<u>–ઃ ચુકાદો ઃ–</u>**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો પ્રોહી.ના કાયદાનો ગુનો કરેલ હતો. આરોપી વિરૂધ્ધ ફરીયાદ બાદ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપવામાં આવેલ હતી. આરોપી ઉપર પ્રોહી.ની ક.૬૬.૧.બી અને ૮૫.૧.૩ સબબના ગુનાની ચાર્જશીટ કરવામાં આવેલ છે.

બચાવપક્ષે ક.૮૫ પુરતી ડીસ્ચાર્જ અરજી રજુ કરતા તે તેના ઉપર કરેલ હુકમ મુજબ મંજુર કરેલ છે. ફરીયાદ વંચાણે લેતા પ્રોહી. ક.૬૬.૧.બી નો ગુનો આરોપીએ કરેલાનુ જણાય છે. આજરોજ આરોપીએ હાજર થઈ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ હોય જેથી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો

ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. હાલના ગુનાની સજાની જોગવાઇ છે કે ગુના માટે કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાશે અને દંડ જેમાં ઓછામાં ઓછી સજાની કોઇ જોગવાઇ નથી જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, આરોપીની શારીરિક પરીસ્થીતી જોતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુના જોતા અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા આરોપીની કબુલાત સ્વીકારવાથી અને ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// <u>હુકમ</u> ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ની કલમ–૨૫૨ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૬.૧.બી મુજબના ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. આરોપીને ગુનો કરવા બદલ રૂ.૨૫૦/– (અંકે રૂપિયા બ સો પચાસ પુરા) નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–10 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૨/૧૧/૨૦૨૨ ની ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા.૧૨/૧૧/૨૦૨૨
રાજકોટ

**(એચ.એન.દેસાઈ)**
જ્થા એડી.ચીફ જયુડી મેજીસ્ટ્રેટ,
રાજકોટ